**<u>ફોજદારી પરચુ.અરજી નં. ૧/૨૦૧૯ ના કામે આંક–૧ નીચે હુકમ.</u>**

૧) અરજદાર વાટુકીયા વિઠલભાઈ વેલાભાઈ રે. ખંભાળા તા. બાબરા નાએ હાલની અરજી જન્મ–મરણ નોંધણી ધારાની કલમ ૧૩(૩) ના પ્રબંધો મુજબ તેમના માતા નામે કનુબેન વેલાભાઈ વાટુકીયાની મરણ તા.૨૫/૦૩/૧૯૭૯ નારોજ ખંભાળા મુકામે તેમના નિવાસસ્થાને થયેલ પરંતુ જે તે વખતે અરજદારના સદર માતાના મરણ અંગની નોંધણી શરતચુકના કારણે સામાવાળી કચેરીએ જે તે વખતે કરાવવા ની રહી ગયેલ હોવાનું જણાવેલ છે તેમજ અરજદારે વધુમાં જણાવેલ છે કે, હાલમાં તેમના સદર માતાનો મરણ નો દાખલો મિલ્કતમાં વારસાઈના કામે મરણનો દાખલો રજુ કરવાનો હોવાથી જરુર પડેલ હોઈ, તેઓના મરણના દાખલા ની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. આમ, અરજદારને તેમના માતાના મરણના પ્રમાણપત્રની જરૂરીયાત ઉપસ્થિત થતાં મરણ પ્રમાણપત્ર મેળવવા માટે ખંભાળા ગ્રામપંચાયત કચેરીમાં અરજી આપતાં ગ્રામપંચાયત કચેરી, ખંભાળા ધ્વારા સને–૧૯૭૯ નું રજીસ્ટર નાશ પામેલ હોય તેવું પંચ રોજકામ આપતા નોંધ નહી થયેલાની હકીકત અરજદાર ની જાણ માં આવેલ છે. જેથી અરજદારે હાલની આ અરજી તેમના માતાનાં મરણનોંધની નોંધણી કરાવવા દાખલ કરેલ છે.

૨) અરજદારની હાલની આ અરજી કરેલ છે તે બાબતે દૈનિક પેપર "અવધ ટાઈમ્સ"માં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી લાગતા વળગતા ઈસમો ને કોઈ વાંધો કે તકરાર હોય તો તા. ૪/૨/૨૦૧૯ **સુ**ધીમાં રજુ કરવાનો સમય આપવામાં આવેલ છે. આ અરજી સામે કોઈ વાંધો તકરાર આવેલ નથી.

૩) અરજી સબબ સામાવાળાને નોટિસ કરવામાં આવેલ છે, સામાવાળા તરફે હાલની અરજી સામે કોઈ વાંધા તકરાર ઉઠાવવામાં આવેલ નથી. આમ, હાલની અરજી પડકાર્યા વગરની છે.નામ. ગુજરાત વડી અદાલતે કરીમાબીબી વિરુધ્ધ અંકલેશ્વર નગરપાલીકા ૧૯૯૭ (૨) જી.એલ.આર. પાના નં. ૧૧૭૪ ના કેસમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત મુજબ નોટીસ આપ્યા બાદ જન્મ/મરણ ની ખરાઈ બાબતે ની તપાસ કરવામાં આવેલ છે.

૪) આ કામ માં અરજદાર વીઠલભાઈ વેલાભાઈ વાટુકીયા ને આંક–૭ થી તપાસવામાં આવેલ છે. તેઓએ સોગંદ ઉપરની જુબાનીમાં તેમના માતાની મરણ તા.૨૫/૦૩/૧૯૭૯ નારોજ ખંભાળા મુકામે તેમના ઘરે થયેલ પરંતુ જે તે વખતે તેમના માતાનાં મરણ અંગેની

નોંધણી શરતચુકતાને કારણે રહી ગયેલ હોવાનો તેમજ વારસાઈ કામે મરણના દાખલાની જરુરીયાત હોય હાલની અરજી કરેલ તેવો પુરાવો આપેલ છે તથા સામાવાળી સંસ્થામાં સને–૧૯૭૯ નું રેકર્ડ ઉધઈના કારણે નાશ પામેલ હોય જન્મ–મરણ અધિકારી એ પંચરોજકામ કરેલ જે આંક–૧૨ થી રજુ છે.તથા તા. ૨/૧/૧૯ના અવધ ટાઈમ્સ દૈનિક પેપરમાં જાહેર પ્રસિધ્ધિની પ્રત આંક–૫ થી રજુ છે. વધુમાં આંક–૮ થી શંભુભાઈ રવજીભાઈ મેરને તપાસતા તેઓ પોતાની સોંગદ પરની જૂબાની માં એવો પુરાવો આપે છે કે અમારા જ્ઞાતિના તથા અમારા ગામના કનુબેન વેલાભાઈ વાટુકીયાનું ખંભાળા મુકામે કુદરતી રીતે મરણ તા.૨૫/૩/૧૯૭૯ ના રોજ ખંભાળા મુકામે તેમના નિવાસ સ્થાને થયેલ છે. જેની મરણની નોંધ જે તે સમયે ખંભાળા ગ્રામપંચાયતમાં નોંધાયેલ નથી. તેમજ આ મરણ નોંધ બીજા કોઈ સ્થળે કે કચેરીએ કરાવેલ નથી. અમારા ગામના તથા જ્ઞાતિના કનુબેનના મરણના દાખલાની વારસાઈના કામે રજુ કરવા માટે અરજદારને મરણના દાખલાની જરુરત પડેલ છે. વધુમાં આંક–૯ થી ધીરુભાઈ બચુભાઈ મેણીયા ને તપાસવામાં આવેલ તેઓ પોતાની સોંગદ પરની જૂબાનીમાં એવો પુરાવો આપે છે કે અમારા જ્ઞાતિના તથા અમારા ગામના કનુબેન વેલાભાઈ વાટુકીયાનું ખંભાળા મુકામે કુદરતી રીતે મરણ તા.૨૫/૩/૧૯૭૯ ના રોજ ખંભાળા મુકામે તેમના નિવાસ સ્થાને થયેલ છે. જેની મરણની નોંધ જે તે સમયે ખંભાળા ગ્રામપંચાયતમાં નોંધાયેલ નથી. તેમજ આ મરણ નોંધ બીજા કોઈ સ્થળે કે કચેરીએ કરાવેલ નથી. અમારા ગામના તથા જ્ઞાતિના કનુબેનના મરણના દાખલાની વારસાઈના કામે રજુ કરવા માટે અરજદારને મરણના દાખલાની જરુરત પડેલ છે.

૫) સામાવાળા તરફે આ કામે આંક–૧૧થી વીલાસબેન વાઘજીભાઈ કાચેલાને તપાસવામાં આવેલા છે. તેઓ સોંગદ પર એવો પુરાવો આપે છે કે,અમો ને કોર્ટની નોટીસ બજી ગયેલ હોવાથી આજરોજ નામ.કોર્ટમાં જુબાની આપવા માટે આવેલ છું હું ખંભાળા ગ્રામ પંચાયતનું અસલ રેકર્ડ સને–૧૯૭૯ની સાલનું નાશ પામેલ છે આ સાલનું રેકર્ડ નાશ પામેલ હોય જેથી અરજદારના મરણનોંધની વિગત મળી શકે તેમ નથી મે વર્ષ–૧૯૭૯ ના રેકર્ડની ખરાઈ કરેલ છે જે રેકર્ડ નાશ પામેલ હોય જેથી અરજદારના માતુશ્રી કનુબેન

વેલાભાઈ વાટુકીયાના મરણનોંધ અંગેનો દાખલો હું આપી શકુ તેમ નથી. આ વર્ષનું રેકર્ડ ઉધઈના કારણે નાશ પામેલ છે તે અંગેનું પંચરોજ આંક–૧૨ થી રજુ છે.

૬) આમ આ કામમાં રેકર્ડ ઉપરનો પુરાવો, સાહેદોની જુબાની ઉપરથી એ હકીકત સાબિત થાય છે કે,અરજદારના માતા નામે કનુબેન વેલાભાઈ વાટુકીયા ની મરણ તા.૨૫/૦૩/૧૯૭૯ ના રોજ ખંભાળા મુકામે તેમનાં નિવાસસ્થાને થયેલ પરંતુ જે તે વખતે અરજદારના માતાનાં મરણ અંગેની નોંધણી કાયદાના અજ્ઞાનથી સામાવાળી સંસ્થામાં જે તે વખતે કરાવવા ની રહી ગયેલ છે. પક્ષકારો અર્ધ ગ્રામ્ય પ્રકારના વાતાવરણમાંથી આવતા હોય, જન્મ–મરણ નોંધણી ધારા મુજબની નોંધણી કરાવવાનું અજ્ઞાનતાથી રહી જવા પામેલાની અરજદાર પક્ષે જે દલીલ કરવામા આવેલ છે તેમાં વજુદ જણાય છે.

૭) તેમજ નામદાર વડી અદાલતે કરીમાબીબી વિરૂધ્ધ અંકલેશ્વર નગરપાલીકા ૧૯૯૭ (૨) જી.એલ.આર. પાના નં. ૧૧૭૪ ના ચુકાદામાં પ્રતિપાદીત કર્યા મુજબઃ–

When any application is presented under Sec. 13 of the said Act after a period of 1 year from the date of birth or date of death, it would be incumbent on the applicant to state the reasons/grounds in his application as to why the earlier entry in the death or birth register could not be made and why he could not give the information regarding the same to the competent authority. He must justify his late action in filing such an application by making necessary averments in his petition. It is also further necessary for him to state the purpose for which he wants the entry in the birth register or the death register. He must also state in the said application as who are likely to be affected by the said entry in the birth register or death register.

૮) કોર્ટ જન્મ/મરણની નોંધણી કરવાનો હુકમ કરી શકે છે, આ કામ માં પણ અગાઉ ચર્ચા કર્યા મુજબ અરજદારના માતા નામે કનુબેન વેલાભાઈ વાટુકીયા ની મરણ તા.૨૫/૦૩/૧૯૭૯ ના રોજ ખંભાળા મુકામે તેમના નિવાસસ્થાને થયેલ છે. તેમજ સામાવાળાએ જણાવેલ છે કે મરણ રજીસ્ટર ઉધઈના કારણે નાશ પામેલ હોય તે ઉપલબ્ધ નથી તે સંબંધી માનવાલાયક અને પુરતો પુરાવો હોય, અરજી મંજૂર કરવાને પાત્ર હોય,

કલમઃ ૧૩ અન્વયે મળેલી સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચીત જણાતું હોય, ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

– અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

– અરજદારના માતા નામે કનુબેન વેલાભાઈ વાટુકીયા ની મરણ તા.૨૫/૦૩/૧૯૭૯ ના રોજ ખંભાળા મુકામે તેમના નિવાસસ્થાને થયેલ છે.જે હકીકત અરજદારે આ અદાલત સમક્ષ સાબીત કરેલ છે. ઉપરોકત સાબીત થયેલ હકીકત ના આધાર જન્મ મરણ અધિકારી ખંભાળા ગ્રામપંચાયતનાએ અરજદારના માતા નામે કનુબેન વેલાભાઈ વાટુકીયા ની મરણ તા.૨૫/૦૩/૧૯૭૯ ના રોજ ખંભાળા મુકામે તેમના નિવાસસ્થાની મરણ થયેલની મરણ અંગેની નોધ જરુરી ફી વસુલ લઈ કરી શકે છે.

– આ અરજીના ખર્ચ બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

સદર હુકમ આજરોજ તા. ૪, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૧૯ **નાં રોજ** ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કયો.

તારીખ : સદર
સ્થળ : બાબરા.

( ઉર્મીલા મનુભાઈ આહીર )
જયુ.મેજી.(ફ.ક.),બાબરા.
Code No. GJ01473